# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સાથે સંકળાયેલ તમામ શાળાઓને જણાવવામાં આવે છે કે વર્ષ-૨૦૨૧ ની બોર્ડની જાહેર પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા આગામી દિવસોમાં શરૂ થનાર છે. તે સંદર્ભે પરીક્ષાના આવેદનપત્રો ભરતા પહેલા School Registration અને પરીક્ષણ કાર્ય માટે Teacher Registration ની પ્રક્રિયા પૂર્ણ કરવી ફરજીયાત છે. School Registration અને Teacher Registration ની પ્રક્રિયા નીચેની વેબસાઇટ પર ઓનલાઇન નીચે દર્શાવેલ તારીખોથી શરૂ કરી શકાશે.

૧) School Registration માટે:-
schoolreg.gseb.org
તારીખ:- (૦૭/૦૧/૨૦૨૧)

૨) Teacher Registration માટે:-
teacherreg.gseb.org
તારીખ:- (૧૧/૦૧/૨૦૨૧)

ચાલુ વર્ષે નોંધાયેલ તમામ નવી શાળાઓએ નવેસરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. હાલ ચાલુ શાળાઓએ માહિતી અદ્યતન(Update) કરવાની રહેશે.

જેમાં School Registration માં મુખ્યત્વે

ચાલુ વર્ષના તમામ ધોરણના ચાલુ વર્ગોના માધ્યમવાર વિદ્યાર્થીઓની સંખ્યા અચુક ભરવાની રહેશે તથા શાળાનું નામ અને સરનામાની ખરાઇ કરવાની રહેશે. જો તેમાં કોઇ સુધારો હોય તો સુધારાના ઓર્ડર સાથે બોર્ડની શાળા નિયંત્રણ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. ચાલુ વર્ષે જે શાળાઓને નવા Index Number ફાળવવામાં આવ્યા છે તે શાળાઓએ તેમની ક્રમિક વર્ગની અરજી સમયે જે Email ID ભરવામાં આવ્યું હતું તે જ Email ID પર "Password" મોકલી આપવામાં આવશે.જો Email ID ભરવામાં ભૂલ કરેલ હોય તો પાસવર્ડ મેળવવા માટેની રજૂઆત શાળાના લેટરપેડ પર gsebhelp@gmail.com Email ID પર મોકલી આપવાની રહેશે.

તેમજ Teacher Registration માં શિક્ષકોની માહિતી અદ્યતન કરવાની રહેશે. જેમાં મુખ્યત્વે

1) નવા નિમણૂંક થયેલા શિક્ષકો ઉમેરવા
2) છુટા થયેલ/રીટાયર્ડ થયેલ/રાજીનામું આપેલ શિક્ષકો Inactive કરવા
3) શિક્ષકોના હાલ ભણાવતા વિષય તેમજ અનુભવની વિગત, તેમના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના અનુભવની વિગત તથા કુલ અનુભવની વિગત ચોકસાઇપૂર્વક સુધારવાની પ્રક્રિયા પૂર્ણ કરવા વિનંતી છે.

સમગ્ર Data ની ચકાસણી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કરવામાં આવનાર છે.

તારીખ:-૦૭/૦૧/૨૦૨૧
સ્થળ :- ગાંધીનગર

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/૧૩૨૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૮/૧/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner